## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસવીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

■ વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.

■ તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.

■ તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.

■ તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **વૈભવી વિજયકુમાર શાહની** છે. એ સર્ટિફાઇડ કોરિયોગ્રાફર અને ટ્રેઇન્ડ ડાન્સર, વોઇસ આર્ટિસ્ટ, એક્ટર અને વીડિયો જોકી છે. વૈભવી TEDx 2020 હોસ્ટ કરનાર ગુજરાતની પહેલી એન્કર છે. એન્કર તરીકે વૈભવીને ઘણા અવોર્ડ્ઝ મળ્યા છે.



# પ્રિય સન્નારી,










‘કેમ છો?

ગત સપ્તાહે ‘રાજકોટ’ના ગેમિંગ સેન્ટરમાં આગ લાગતાં 30થી વધારે લોકો મૃત્યુ પામ્યાં. તંત્ર અને વ્યવસ્થાપકોની અક્ષમ્ય બેદરકારીનું આ પરિણામ હતું. ભગવાન એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના કરવાથી એમના સ્વજનોનું દુઃખ ઓછું નહીં થાય. વેકેશનમાં મજા કરવા ગયેલાં લોકોને મોતની સજા મળશે એવી ખબર તો ક્યાંથી હોય? જ્યારે આવા સમાચાર વાંચીએ ત્યારે આંખો તો ભીની થાય જ છે પરંતુ મનમાં ગુસ્સાનો દાવાનળ પણ પ્રગટે અને જીવનની અનિશ્ચિતતા જાણી સ્મશાન વૈરાગ્ય પણ જાગે.

મૃત્યુ નિશ્ચિત છે પરંતુ આવું અકાળ મૃત્યુ?! યમરાજ પણ આટલો ક્રૂર હોય શકે? અને લોકોને મૃત્યુનાં મુખમાં ધકેલનાર ગેમિંગ ઝોનના માલિક, સંચાલક, પરવાનગી આપનાર અને સલામતી અંગે આંખ-આડા કરનાર તંત્રનાં લોકો- મળતિયાઓ- ભ્રષ્ટ અને લાંચિયા અધિકારીઓ આ બધાનું સહિયારું પાપ છે. પાપ શબ્દ પણ આ મોતના સોદાગરો માટે નાનો પડે છે. થોડા પૈસાના સ્વાર્થ માટે લોકોના જાનને જોખમમાં મૂકનાર લોકોને માણસ કહી શકાય ખરા? આખા રાજ્યમાં લોકોના મનમાં દુઃખ છે, આક્રોશ છે પરંતુ થોડા જ દિવસમાં બધું ભુલાઈ જશે. પ્રજા ભૂલી જાય એટલે તંત્ર પણ પાછું રાજા-પાઠમાં આવી જાય... એટલે જાગવું તો પ્રજાએ જ પડશે. આપણી સલામતીનું ધ્યાન આપણે જ રાખવું પડશે. ફાયરસેફ્ટી, ઈમરજન્સી એક્ઝિટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે ટેક્નિકલ બાબતોનું ધ્યાન અને જ્ઞાન સામાન્ય લોકોને નહીં હોય એ સ્વાભાવિક છે પરંતુ હવે આ જ્ઞાન મેળવીને જાગવું પડશે, લડવું પડશે અને તંત્રને દોડતું કરવું પડશે. આપણી જિંદગી સસ્તી નથી એ પળભરમાં રોળાંય જાય એ તો ન જ ચાલે.. સેલિબ્રિટીઝનાં જીવનની સોશ્યલ મીડિયામાં ગોસિપ કરવાને બદલે તંત્રની આવી ખામીઓને ખુલ્લી કરીએ.. કોઈ પણ જગ્યાએ કોઈ નાનકડી પણ ખામી દેખાય તો એને જાહેર કરીએ, ગેમિંગ ઝોન, એડવેન્ચર પાર્ક, વોટરપાર્ક, ગાર્ડન- હોસ્પિટલ- મોલ્સ વગેરેમાં શું સેફ્ટી હોવી જોઈએ? લોકોએ શું ધ્યાન રાખવું જોઈએ? માલિકો અને તંત્રની શું જવાબદારી છે? એમને આવા સંજોગોમાં શું સજા થઈ શકે? એ વિશેનું માહિતી-અભિયાન શરૂ કરવું જોઈએ અને જ્યારે પણ આવી પબ્લિક પ્લેસ પર જઈએ ત્યારે આપણી સુરક્ષાની ખાતરી આપણે ખુદ કરીએ.

સન્નારીઓ, આવતા સપ્તાહે ‘ગ્લોબલ પેરેન્ટ્સ ડે’ અને ‘એન્વાયર્મેન્ટ ડે’ છે. આજે સૌથી વધુ પડકાર પેરેન્ટ્સ માટે છે. જેમ પોતાની જાતને ખુશ રાખવી એ મોટો પડકાર છે એમ સંતાનોને ખુશ રાખવા એ પણ મોટો પડકાર છે. બાળકોના એક્સપોઝર સામે મોસ્ટ ઈન્ટેલીજન્ટ પેરન્ટસનો પનો પણ ટૂંકો પડે છે. જે ઝડપથી દુનિયા અને બાળકો બદલાઈ રહ્યાં છે એટલી ઝડપથી પેરન્ટ્સનું બદલાવું મુશ્કેલ બની રહ્યું છે. તેઓ બે ડગલાં આગળ વધે છે ત્યાં બાળકો દસ ડગલાં આગળ દોડી ચૂક્યાં હોય છે. એજ્યુકેશન એન્ટરટેન્મેન્ટ, ગેમ્સ- સ્પોર્ટસ, લાઈફસ્ટાઈલ, વેલ્યુઝ, એક્સપેક્ટેશન્સ, મેન્ટાલીટી અને એટિટ્યુડ દરેક ક્ષેત્રમાં પેરેન્ટ્સ અને ચિલ્ડ્રન વચ્ચે ગેપ છે. પેરેન્ટસની લાગણી અને સલામતીના વર્તુળમાંથી તેઓ ઝડપથી બહાર નીકળી રહ્યાં છે. તેમના માટે પૅરેન્ટ્સનું મહત્ત્વ છે પરંતુ એમના સપનાં- આકાંક્ષાઓ એના કરતાં વધુ મહત્ત્વનાં છે તેથી પેરન્ટ્સ હર્ટ થાય છે પરંતુ પેરેન્ટ્સે કેટલીક બાબતો ગમે કે ન ગમે સ્વીકારી લેવી જોઈએ જેમ કે..




બાળકોને જન્મ આપવો એ તમારી ચોઈસ હતી એટલે બાળકને જન્મ આપી તમે એમના પર મોટો ઉપકાર કર્યો છે એવું ઈમોશનલ પ્રેશર આજનાં બાળકો માટે સ્વીકાર્ય નથી. ત્યાગ-સમર્પણ એવા શબ્દો એમને ગમતાં નથી એટલે બાળકનો ઉછેર ઝાઝી અપેક્ષા વિના તમને આનંદ આવે છે એટલા માટે કરો. તમારું સંતાન છે એટલે તમે એને શ્રેષ્ઠ આપવા ઈચ્છો છો, એ તમારી ઈચ્છા છે. એને બાળક પરના ઉપકાર માનીને બાળકને ઈમોશનલ બ્લેકમેઈલીંગ કરવાનો કોઈ અર્થ નથી. આજની નવી જનરેશન આપણને ગીતાની ‘સ્થિતપ્રજ્ઞ’ ની સ્થિતિમાં રહેવાનું શીખવે છે. બાળકો માટે કર્મ કરો પણ ફળની અપેક્ષા ન રાખો. બાળકોને પ્રેમ કરો પરંતુ જલકમલવત રહો. હૃદયને એટલું આસકત ન બનાવો કે વારંવાર એ દુઃખી થયા કરે.

બાળકને સારા સંસ્કાર આપો. એની ઈચ્છાના આકાશમાં ઊડવા માટે સ્પેસ આપો, સરખામણી ટાળો, સમય આપો, સલામતી આપો, તમારાથી બનતું બધું જ કરો પરંતુ એ એવું પંખી છે જે પાંખ આવતા ઊડી જશે, પોતાનો નવા માળો બનાવશે જેમાં તમારા માટે જગ્યા હોય પણ અને ન પણ હોય. તેઓ એવા વિશ્વના પ્રવાસી છે કે એમની સાથે રહેવું દિવસે-દિવસે મુશ્કેલ બનતું જશે. મે, બી તેઓ તમારા મૂલ્યોથી વિરૂધ્ધ પોતાનાં મૂલ્યો બનાવશે.. તમારા સંસ્કારોથી એ છેડો ફાડશે , મે બી એમની સાથે ફોન પર કે વીડિયો કોલ પર જ વાત કરવાની મળશે.

કહેવાનો મતલબ એ કે આજના ગ્લોબલ પેરન્ટ્સનાં સંતાનો ગ્લોબલ છે. માત્ર પેરેન્ટ્સ અને પરિવાર સાથે નહીં આખી દુનિયા સાથે એમણે જોડાવું છે તેથી અહીંના તાંતણાં થોડા ઢીલા પડવાના જ છે. એટલે ફળની અપેક્ષા વિના પેરેન્ટ્સ બાળકને ઉછેરે, બાળક એ એમની જિંદગી નહીં પરંતુ જિંદગીનો એક ભાગ છે એવી વાસ્તવિકતા સ્વીકારે અને પોતાની સલામતીનું ધ્યાન રાખી પોતાનું જીવન પોતાની રીતે એન્જોય કરે એ સમયની માંગ છે.

- સંપાદક